

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ખાશે ગૂલાંટો, એ મદારીના હાથમાં બંધાયા છે...
સતત રહે સતર્ક સંબંધ માંડ સંધાયા છે,
રંધાયા છે ઉદ્ધવજી, પવારના નિર્ધૂમ ચૂલે -
પીવું પડશે પૂછીને પાણી કે કાન વિંધાયા છે.
(શિવ-સેનાની રાજયસભામાં ગૂલાંટ)

### હાઈકુ

દાબે સ્વાતંત્ર્ય!
પમ્પીંગ બહુમતિ -
પગ તળિયે...

પૂરાયું કેદ,
શિક્ષણ કમિશન -
થયું ગુલામ...

### ચિંતન

કવ મોહઃ કવ ચ વા વિશ્વં કવ તદ્ ધ્યાનં કવ મુક્તતા ।
સર્વ સંકલ્પ સીમાયાં વિશ્રાંતસ્ય મહાત્મનઃ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

સર્વ પ્રકારના સંકલ્પો સમાપ્ત થઈ જતાં વિશ્રાંત થયેલા મહાત્માને મોહ કયાં રહ્યો ? સંસાર કયાં રહ્યો ? ધ્યાન કયાં રહ્યું કે મોક્ષ પણ કયાં રહ્યો ?

સંકલ્પોથી જ સર્જાય છે. વિશ્વ સંસાર એટલે જ સંકલ્પોની સૃષ્ટિ. મનોભાવોનું પ્રક્ષેપણ. જેને કોઈ પણ જાતના સંકલ્પો રચ્યા જ નથી. એને સંસાર રહ્યો જ કયાં? ત્યાં જ તારું-મારું રહે છે. પ્રદેશ-પ્રદેશના સીમાડાઓ ઊભા થાય છે. સંકલ્પો જ નથી ત્યાં સીમા હોય ક્યાંથી ?

પરબ્રહ્મ કે પરમતત્ત્વનો ખ્યાલ કરીએ તો જયાં સર્વત્ર બધુ એક જ છે, તેથી જ કહે છે કે સર્વ સંકલ્પ સીમાયાં... કોઈ એમ પણ કહે છે કે સંકલ્પોની સીમા પર વિશ્રામ કરતાં મહાત્માને... પણ અહીં સીમા એટલે કોઈ સરહદની વાત નથી.

### સુવિચાર

- જે માનવી માત્ર પ્રશંસા જ ઝંખતો હોય છે તેણે પોતાનું સઘળું સુખ અન્યને સોંપેલું જાણવું - **ઓલિવર ગોલ્ડસ્મિથ**
- લોકો તમારા શબ્દોની રાહ જોતા હોય તો સમજો કે તમારો અવાજ યોગ્ય દિશામાં જઈ રહ્યો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મોબાઈલની એટલી બધી આદત પડી ગઈ છે કે રિપેરિંગમાં આપ્યો હોય તો જાણે એવું લાગે છે કે નજીકનો સંબંધી આઈસીયુમાં છે - **ઋષભ શાહ**
- ધન ન મળવાના દુઃખ કરતાય વિપુલ ધન મળી ગયા પછી પણ 'સુખ' ન મળ્યાનું દુઃખ કેવું હોય છે તે જાણવું હોય તો કોક અબજોપતિના મનની મુલાકાત લઈ જોજો - **કુમારપાળ દેસાઈ**
- થાવું તું શિખર અને ખાઈ થઈ ગયા, ભાઈના દુશ્મન સગાભાઈ થઈ ગયા, આપણે તો ભારતીય થાવું હતું, હિન્દુ-મુસ્લિમ, શિખ ને ઈસાઈ થઈ ગયા - **ખલીલ ધનતેજવી**
- મૌન જેવી બીજી કોઈ પ્રભાવક વાણી નથી, હકીકતમાં સામેની વ્યક્તિને તમે કાન આપશો તો તમને પોતાનું મન આપશે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : લકવા થયો હોય તો મધ સાથે લસણ પીસી ખાવાથી આરામ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કોઈક વાર સાવ સામાન્ય દેખાતી બાબતમાંથી બહુમૂલ્ય શીખ મળી શકે છે. નાની પ્રશ્નાવલી થકી સમજવા પ્રયત્ન કરીએ. (૧) દુનિયાના સૌથી ધનાઢ્ય પાંચ લોકોનાં નામ જણાવો. (૨) છેલ્લા પાંચ વર્ષમાં પ્રથમ વિજેતા મિસ વર્લ્ડના નામ જણાવો. (૩) નોબેલ પ્રાઈઝ જીતી ચૂકેલા દસ વ્યક્તિના નામ જણાવો. મોટા ભાગના લોકો આ સવાલોના જવાબ નહીં જાણતા હોય અખબારની ગઈ કાલની હેડલાઈન ભૂલાઈ જાય છે. આવા લોકો પોતપોતાના ક્ષેત્રમાં ગેમ તેટલા સફળ અને સર્વોત્તમ કેમ ન હોય. એમની સિદ્ધિ કે ઈનામ અકરામ સમયના વહેણ સાથે વિસરાઈ જતા હોય છે. હવે બીજા પાંચ સવાલ : તમારા શાળાના વર્ષોને યાદગાર બનાવનાર ત્રણ શિક્ષણના નામ જણાવો. (૨) મુશ્કેલીના સમયે આવી તમને મદદરુપ થયેલા ત્રણ મિત્રોના નામ આપો. (૩) તમને જીવનના પાઠ શિખવાડનારી ત્રણ વ્યક્તિના નામ આપો. (૪) તમારા માટે જે મને સન્માન અને સ્નેહ હોય તેવા ત્રણ વ્યક્તિના નામ આપો. (૫) જેમની સાથે મોજથી સમય વિતાવ્યો હોય તેવા ત્રણ ભેરુંના નામ આપો. આ પ્રશ્નાવલી પ્રમાણમાં સરળ લાગી ? સમજવાની વાત એ છે કે આપણા જીવનમાં આવા લોકો ને તો પ્રતિષ્ઠિત એવોર્ડ વિજેતા હોય છે કે ન અતિ પૈસા પાત્ર લોકો હોય છે. આપણા જીવનમાં એવા કેટલાય સામાન્ય - ઓર્ડિનરી માણસો આવ્યા હોય છે, જેમણે ન માત્ર આપણું જીવન, પરંતુ આ જગતને પણ બહેતર બનાવ્યું હોય છે. આવા લોકોનું મૂલ્ય જાણીએ, એમની કદર કરીએ.

# સાવરકર મુદ્દે કોંગ્રેસ-શિવસેના વચ્ચે મતભેદ

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધીની અપરિપક્વતાને કારણે માંડ ગોઠવાયેલો ભાજપ વિરોધી તખ્તો વીંખાઈ જવાનો ભય ઊભો થયો છે. મહારાષ્ટ્રમાં ભાજપને સત્તાથી દૂર રાખવા કોંગ્રેસ સામે ચાલીને શિવસેનાનું નેતૃત્વ સ્વીકાર્યું છે. સત્તામાં ભાગીદારી પણ કરી છે. મહારાષ્ટ્ર વિપક્ષી એકતાનું એક નવું મોડલ સાબિત થાય એવી શકયતા સરજાઈ છે ત્યારે રાહુલ ગાંધી ઉત્સાહમાં આવી જઈ કોંગ્રેસની 'ભારત બચાવો' રેલીમાં તદ્દન બિનજરૂરી પ્રલાપ કરી મારું નામ 'રાહુલ સાવરકર' નથી, હું 'રાહુલ ગાંધી' છું - એવી બડાશ ઠોકે ત્યારે કોંગ્રેસની પુનરાગમનની આછીપાતળી શક્યતાઓ પર પણ પાણી જ ફરી વળે. સાવરકરનું નામ રાહુલ એમની અક્કલ હોશિયારી મુજબ હેતુપૂર્વક, સંઘ અને ભાજપને ભોંઠાં પાડવા લીધું હશે. 'મેક ઈન ઈન્ડિયા' ને બદલે દેશમાં 'રેપ ઈન ઈન્ડિયા' જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે એવું નિવેદન સંસદમાં કર્યા બદલ ભાજપ તરફથી આ મુદ્દે રાહુલ ગાંધી માફી માગે એવી માગણી થઈ હતી, એના સંદર્ભે એમને જાહેર સભામાં કહ્યું કે હું રાહુલ 'સાવરકર' નથી કે માફી માગું. આમાં સાવરકરનું સીધું અપમાન છે. એમને અંગ્રેજ સરકારની માફી માગી હોવાનો સંકેત છે. પરંતુ રાહુલ ગાંધીએ એ પણ યાદ રાખવાની જરૂર હતી કે એમના વડવાઓ કે મહાત્મા ગાંધી કરતાં ઘણી વધારે યાતનો સાવરકરે ભોગવી હતી અને તે કોઈ અંગત ગુનાસર નહીં, દેશની આઝાદી માટેની ચળવળના ભાગ રૂપે જ. આવા સ્વાતંત્ર્યવીર વિશેની નિંદા કરીને એમને મહારાષ્ટ્રની પ્રજાની અને સવિશેષ તો સાવરકરની હિંદુરાષ્ટ્ર વાળી સંકલ્પાને સાકાર કરવા મથતા મહારાષ્ટ્રના રાજકારણ અને સત્તાકારણમાં ભાજપથી વિમુખ બની કોંગ્રેસને પડખે લેનાર શિવસેનાની દુખતી રગ જ દબાવી છે. શિવસેનાએ તો છડેચોક સાવરકરને 'ભારત રત્ન' અપાવવાની દરખાસ્ત કરેલી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈ જઈને એમનું સમર્થન કરતા હોય એવું ભાષણ પણ કરેલું. હવે ભાજપ-શિવસેના સત્તાની વહેંચણીના મુદ્દે એકબીજાથી અલગ થયાં છે ત્યારે શું શિવસેના સાવરકરને પારકા ગણશે ? રાહુલ ગાંધીમાં કોમન સેન્સ હોત તો એમને આવા સેન્સિટિવ મુદ્દાથી દૂર રહેવાની જરૂર હતી. લોકસભામાં નાગરિકતા બિલનું સમર્થન કરીને શિવસેનાએ એના હિંદુત્વ સ્ટેન્ડનો અહેસાસ કરાવ્યા પછી રાહુલે બળાપો વ્યક્ત કરતાં રાજયસભામાં શિવસેનાના ત્રણ સભ્યોએ ન્યૂટ્રલ સ્ટેન્ડ લેવું પડ્યું હતું. સંજય રાઉત જેવા સ્વમાની નેતાને એ ગમે તો નહીં જ. આથી જયારે સાવરકરની આડકતરી ટીકા કરીને રાહુલ ગાંધી પોતે 'ગાંધી' અટકવાળા હોવાનો ગર્વ લેવા લાગ્યા છે ત્યારે સંજય રાઉતને સ્પષ્ટતા કરવી પડી છે કે ગાંધી-નહેરુએ આઝાદીની લડાઈમાં ભોગ આપ્યો છે એટલો જ સાવરકરે પણ આપ્યો છે. સાવરકરનું અપમાન કોઈ પણ મહારાષ્ટ્રવાસી સહન નહીં કરી શકે. વળી ગિરિરાજસિંહ જેવા ભાજપના બોલકા નેતાએ 'ગાંધી' અટક લગાવી દેવાથી ગાંધી નથી થઈ જવાતું એવો કટાક્ષ પણ કર્યો છે. દેખીતું છે કે રાહુલ ગાંધીની 'ગાંધી' અટકને મહાત્મા ગાંધી સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. એ અટક તો એમને દાદા ફિરોઝ ગાંધીના વારસા તરીકે મળી છે જે પારસી હતા અને જેમની સાથે વાંકુ પડતાં પંડિત નહેરુની છત્રછાયામાં બાળકો સાથે રહેવા આવી ગયાં હતાં. રાહુલ પેટ ચોળીને પીડ ઊભી કરી રહ્યા હોય એમ નથી લાગતું ?

# ભારતમાં એન્કાઉન્ટ એ બંધાણીય નથી પરંતુ સી.આર.પી.સી.ની કલમ-૪૬માં પોલીસને બળ પ્રયોગનો અધિકાર આપ્યો છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

એન્કાઉન્ટર એ બંધાણીય શબ્દ નથી કે કોઈ વ્યાખ્યા પરંતુ સી. આર. પી. સી. કલમ ૪૬ માં જો કોઈ અપરાધી ખુદને ધરપકડથી બચવા અથવા પોલીસ જાપ્તામાંથી ફરાર થતો હોય અને પોલીસ કર્મચારીઓ ઉપર હુમલો કરે, ફાયરીંગ કરે તો પોલીસ જવાબી કાર્યવાહીમાં તેના ઉપર ફાયરીંગ કરી શકે છે.

આપણા કાયદામાં પોલીસને એ અધિકાર નથી કે તે કોઈ વ્યક્તિને મારી શકે અને જયાં સુધી ન્યાઈક પ્રક્રિયા પુરી ના થાય અને તહોમત સાબીત ના થાય ત્યાં સુધી ગન્હેગારને સજા ફરમાવા આવતી નથી. જયાં સુધી એ સાબીત ના થાય કે તેણે કાયદા અંતર્ગત કોઈને માર્યા છે તો ત્યાં સુધી તેને હત્યા માનવામાં આવે છે. ૧૯૯૭ માં જસ્ટીસ વેંકટચૈલેયાએ માનવ અધિકાર પંચના અધ્યક્ષ તરીકે ઉપરોકત આદેશ બહાર પાડેલ અને પોલીસને બનાવટી એન્કાઉન્ટર માટે પ્રતિબંધ ફરમાવ્યો હતો પરંતુ ત્વરીત ન્યાય માંગતી જનતાને એન્કાઉન્ટરની રીત રસમ ખુબજ પસંદ આવતા કોઈ એક વર્ગનો વિરોધ ના થતા આવા ફરજી એન્કાઉન્ટરને પોલીસ તપાસમાં કાયદેસર માની લેવામાં આવે છે. સમય જતા જનતા કે અપરાધીના સગા અને ભોગબનનાર આખી વાત ભુલી જવામાં ડાહપણ માને છે પરંતુ સોહરાબુદીન એન્કાઉન્ટરમાં આરોપીને કોર્ટે દોષીત ઠરાવેલ અને સજા પણ ફરમાવેલ. તાજેતરમાં રેપ વિથ મર્ડરની ઘટનાથી જનતામાં ચર્ચા ઉઠી છે કે શું એન્કાઉન્ટર માટે કોઈ દિશા નિર્દેશ છે? ભારતનો કાયદો શું કહે છે? કોઈ અપરાધી કે આરોપીને પોલીસ જાહેરમાં ગોળી મારી મારી નાંખી શકે છે?

ભારતના બંધારણમાં એન્કાઉન્ટ શબ્દનો કયાંય ઉલ્લેખ શુધ્ધા નથી પરંતુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ પોલીસને બળ પ્રયોગનો અધિકાર બક્ષે છે. પરીસ્થિતિ પ્રમાણે નિર્ણાયક હોય છે, કેટલાક એવા નિયમો છે કે સ્વ બચાવમાં પોલીસ સામો ગોળીબાર કરી શકે છે અને તેવા સંજોગોમાં આરોપી કે અપરાધીનું મોત નિપજે તો તેને સામાન્ય બાબત ગણવામાં આવે છે. આ કલમનો ઉપયોગ લગભગ તમામ એન્કાઉન્ટરના કેસમાં ઉપયોગમાં લેવાય છે કે આરોપી પોલીસ જાપ્તામાંથી ભાગવા જતા ફાયરીંગ કરતા સ્વ બચાવમાં પોલીસને ના છુટકે, ના ઈલાજે ગોળીબારના આદેશ આપવા પડેલા અને ઘટના સ્થળના બનાવ મુજબ પગમાં ગોળી મારવી એ સમયે શકય ના હતુ તેથી જયાં યોગ્ય લાગી ત્યાં ગોળીબાર આડેધડ કરવા જતા આરોપીનું મોત નિપજયું.

જસ્ટીસ વેકટચૈલેયાએ એન્કાઉન્ટરની બે સ્થીતિ જણાવી છે જેમાં જવાબી કાર્યવાહીમાં આરોપી કે અપરાધીના મોતને પોલીસનો અપરાધ ના માની શકાય જેમાં પ્રથમ આત્મરક્ષાની કોશીષમાં ગુન્હેગારનું મોત થઈ જાય એ સ્વભાવિક ગણેલ છે અને બીજુ કે પોલીસને સી. આર. પી. સી. ની કલમ ૪૬ માં બળ પ્રયોગનો અધિકાર આપવામાં આવ્યો છે એવા અપરાધીની ધરપકડ કરવા કે જાપ્તામાંથી નાસી છુટતો આરોપી કે જેને એવો અપરાધ કર્યો છે કે જેના માટે તેને મોતની સજા કે આજીવન કારાવાસની સજા મળી શકે એમ છે અને આવો આરોપી જો પોલીસ ઉપર હુમલો કરી નાસી જવાની, ભાગી જવાની કોશીષ કરે અને તે માટે પોલીસની રીવોલ્વર, હથીયાર કે અન્ય હથીયારથી પોલીસ ઉપર હુમલો કરે તો પોલીસે સ્વ બચાવમાં કરેલ ફાયરીંગમાં આરોપીનું મોત નિપજે તો તેને યોગ્ય ગણેલ છે.

માનવ અધિકારની ટીમ તથા એસ.એસ.પી.ની ટીમના સ્થળ ઉપરના સર્ચ રીપોર્ટ તથા તપાસના અંતે પોલીસ ગુન્હેગાર હતી કે કેમ તેમજ આરોપીએ ભાગવા જતા ફાયરીંગ કરેલ અને પોલીસની જવાબી કાર્યવાહીમાં જ આરોપીનં મોત નિપજયુ છે તેમ સાબીત થાય તો પોલીસ કર્મચારી નિર્દોષ ઠરે છે અને જો ખરેખર ફરજી એન્કાઉન્ટરમાં જ આરોપીને મોતને ઘાટ ઉતારવાનો પોલીસનો પ્રથમથી જ બદઈરાદો છુપાયેલ હોવાનું તપાસમાં આવે તો પોલીસને ગુન્હેગાર માની હત્યાનો ગુન્હો નોંધી જવાબદાર સામે કાયદાની પ્રક્રિયા અનુસાર ન્યાયીક કાર્યવાહી કરી પુરાવાના આધારે કોર્ટ સજા ફરમાવી શકે છે. ત્યાં સુધી પોતાની ફરજ ઉપરથી સસ્પેન્ડ અગર તો ડિસમીસ કરવાનો હુકમ પણ જારી થઈ શકે છે.

એન્કાઉન્ટરએ પોલીસ બેડાની ભાષા છે. જેમાં સુરક્ષાદળ કે પોલીસ અને અપરાધીઓ વચ્ચેની અથડામણમાં કોઈ અપરાધીનું મોત થાય પરંતુ આંતકવાદીઓને પકડવામા જવાબી કાર્યવાહીમાં કે આંતકવાદ સામેના ફાયરીંગમાં આંતકવાદીનું મોત નિપજે તો તેમાં સુરક્ષા દળ કે પોલીસને ગુન્હેગાર માનવમાં આવતા નથી અને આવા મોતને એન્કાઉન્ટરમાં ગણવામાં આવતા નથી બદલાની ભાવનાથી ન્યાય ના થઈ શકે તેવું સુપ્રીમ કોર્ટના જજે પણ જણાવ્યું છે. બદલાની ભારવનાથી કરેલ ન્યાય તેનું ચરિત્ર ગુમાવી દે છે.

ભારતીય બંધારણ પ્રમાણે સર્વેને નિર્દોષ પુરવાર કરવાની તક આપવામાં આવે છે. આ માટે ન્યાય પ્રણાલી છે. સી. આર.પી.સી. ની જોગવાઈઓ છે જે મુજબ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ પુરાવાના આધારે ગુન્હેગાર ઠરાવી તેને મૃત્યુ દંડ અથવા આજીવન કેદની સજા નામદાર કોર્ટ જ ફરમાવી શકે છે. તપાસ અધિકારીને અપરાધીને ગુન્હેગાર માની ત્વરીત સજા આપવાની કોઈ જ જોગવાઈ નથી જો દરેક કેસમાં આમ બને તો જનમાનસનો ન્યાઈક

**અનુસંધાન પાના નં ૭ પર**

# વાત્સલ્યના લીલા લીલા પાન, મેં તો પીધા મીઠા મધુરા પાન...



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

**વાત્સલ્યના લીલા લીલા પાન ,**
**મેં તો પીધા મીઠા મધુરા પાન..**
**કર્મના કીરતાલ તમો,**
**પ્રેમની પ્યાલી પીવડાવતા રહ્યા....**

**-વિશ્વદીપ બારડ**

**પીરુ**

પીરુ જુવાન હતો. કાંડામાં બળ હતું, પગમાં જોર હતું, ચહેરો ગુલાબી હતો.

પીરુ માથે ઓડિયાં રાખે. ડિલે તસતસતું કેડિયું પહેરે અને હાથમાં ડાંગ રાખે. પીરુ જવાન હતો.

બાપ ઘરડા હતા, સિત્તેર વરસનું ઠોઠું. માથે પળી ને આંખો મોતિયો પગ ચાલતા નહોતા.

બાપાને પીરુ વહાલો, ને પીરુને રમજુ વહાલો. પીરુ બાપાનો, ને રમજુ પીરનો.

બેઉ બાપાના તો ખરા જ; પણ પીરુ બાપાનો, ને રમજું પીરુનો. બાપાને મન છ માસમનો રમજુ યે છોકરું, ને અઢાર વર્ષનો પીરુયે છોકરું.

બાપા ઓશરીમાં બેસે, બજર સૂંઘે, બંદગી કરે, બે ટંક રોટલા ખાય, ને રમજુને હેત કરી રમાડે. પીરુ ઘાણી હાંકે, તેલ વેચે, ઘરાક સાચવે, પૈસા ગણે ને વેપાર ચલાવે.

બાપા ઓશરીમાં બેઠા બેઠા પીરુને હરતોફરતો જોઈ રાજી થાય પીરુ વારેઘડીએ ઘરમાં જઈ જઈ રમજુને રમાડે.

બાપાને પીરુની પહેલી ફિકર, ને પીરુને રમજુની પહેલી ફિકર. પણ પીરુને મન બાપાની ફિકર લેખાયાં યે નહિ ! ને રમજુ કયાં પીરુની ફિકર સમજે તેમ હતો ?

બાપા કહેશે : 'પીરુ! અડધી રાતે બહાર ચાલ્યો, તે લાકડી લેતો જજે. અને જોડા પણ પહેરતો જજે.'

પીરુ કહેશે : 'બાપા! એટલી બધી ફિકર શું કામ કરો છો ! અમને એટલી ખબર નહિ પડતી હોય ?' પીરુ જાણીજોઈને જોડા પહેર્યા વિના જ ચાલ્યો જાય. પોતે જુવાન હતો ના !

બાપાનો જીવ કળીએ કળીએ કપાય. પણ પીરુને તો ગગનમાં ગાજે !

કડકડતી ટાઢ પડતી હોય ને પીરુ ઉઘાડે ડિલે બળદને નીદણ નાખતો હોય. બાપા કહેશે : 'પીરુ! પછેડી ઓઢ, પછેડી; કયાંઈક ઝપટમાં આવી જઈશ, ઝપટમાં !'

પીરુ કહેશે : 'બાપા ! ઈ ટાઢ તો તમને ઘરડાને વાય; મને તો ઊલટો ઘામ થાય છે ઘામ !'

છોકરો મોટો અને જુવાન; વખતે આવું એલફેલ બોલી નાખે. બાપા કહેશે : 'હશે ! અણસમજુ છે.' તો એ આખરે બાપ!

ઉનાળાના ખરાબ બપોર તપતા હતા, ને સૂરજ માથે આવ્યો હતો. ઘરમાં રોટલા ઘડાઈ રહ્યા હતા. પીરુ છાપરું ચાળતો હતો. બાપાએ બૂમ પાડી : 'એ પીરુ ! હવે તો હેઠો ઊતર. કયારનો ચડ્યો છે તે બપોર થઈ ગયા.'

પીરુ કહે : 'બાપા, હવે એવું કાવું ઢાંકીને આ ઊતર્યો ! બાપા, હમણાં જ ઊતર્યો સમજો.'

પીરુ નળિયાં ફેરવતો હતો; પણ બાપા ઉતાવળા થયા. એને એમ કે, મારો પીરુ તડકે તપે છે; વખતે એનું આંખ માંથુ દુઃખે. બાપે બૂમ પાડી : 'પીરુ! હેઠો ઊતર્યો કે ? માથે ધોમ ધખ્યો છે - ખબર નથી પડતી ? આ રોટલાવેળા તો થઈ !'

પીરુ તડકામાં તપ્યો : 'આ અડધું કાવું ઢાંકીને ઊતરું છું, ત્યાં આવડી ઉતાવળ શી છે ? બાપુ ! ભૂખ લાગી હોય તો તમે ખાઈ લ્યો ને ! એમ તો વાર લાગશે.'

બાપ વિચારમાં પડ્યો; જરા માઠું લાગ્યું. તેનાથી ન રહેવાયું. ઊંચે સાદે બોલ્યા : 'એલા પીરુ ! ગાંઠતો નથી કે ?' આ માથે આગ વરસે છે, ને કાવું ઢાંકવા બેઠો છે ? ત્યાં ભૂખની કોને પડી છે? - મને તો તારી ફિકર છે!'

પીરુ બબડ્યો : 'આ બાપા જોને ? એને મારી ફિકર થાય છે! હું રમજું હોઈશ, ખરું ના ? એ બાપા ! તમે તમારે નિરાંતે બેસો. હું કાંઈ નાનો કીકલો નથી - મને શાનો તડકો લાગે ? આ ઢાંકીને ઊતર્યો.'

બાપા કહે : 'એલા, અબઘડીએ ને અબઘડીએ ઊતરે છે કે નહિ ! મારે તારું કાવું નથી ઢાંકવું ! એક વાર હેઠો ઊતરે છે કે નહિ? આ તડકો નથી જોતો ?'

પીરું કહે : 'બાપા ! તમે તમારે ગમે એમ કરો. ગમે તો રાડો નાખો, ને ગમે તો બેસો. આ કાવું ઢાંક્યા પછી બીજી વાત.... ને તમને તડકો કયાં લાગે છે, તે તડકો તડકો કરીને માથું પકવો છો? તડકો લાગવાની શું અમને ખબર નહિ પડતી હોય ?'

બાપાનો જીવ દુઃખાયો, બાપા ખિજાયા. બાપા ઘરમાં દોડ્યા ને રમજુનું ઘોડિયું ઉપાડ્યું. ધ્રુજતે હાથે ને લથડતે પગે ઘોડિયું બહાર કાઢ્યું ને ફળિયામાં મૂક્યું : 'લે ત્યારે, જો હવે તડકો લાગવાની ખબર પડે છે કે નહિ, હવે હેઠો ઊતરે છે કે નહિ?'

પીરુ ઠેકડો મારીને હેઠો ઊતર્યો : 'હં હં, બાપુ! આ શું કર્યુ ? આ રમજુડો મરી જશે ! આ બાલકને આગમાં મૂકતા વિચાર નથી આવતો?'

બાપે કહ્યું : 'બેટા ! રમડુ તને કેવો વહાલો છે! એવો જ તું મને વહાલો છે. જેવો તું એનો બાપ, એવો જ હું તારો બાપ. જેવો રમજુ પીરુંને મન કીકો, એવો જ પીરુ મારે મન કીકો ! જેવો તારો રમજુ, એવો જ મારો તું. સમજ્યો, બાપુ ?'

ડોસાની આંખમાં આંસુ આવ્યાં. પીરુ શરમાઈ ગયો; તેણે નીચે જોયું. તેની આંખમાંથી પણ આંસુ ખર્યાં...

- nehalgadhavi101@gmail.com

# શરણાર્થીઓની આડશે રાજકીય તરભાણાં ભરવાની કવાયત



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ડિસેમ્બરની ઠંડીમાં પણ દેશભરમાં ગરમાટો અનુભવાઈ રહ્યો છેઃ દેશના વર્તમાન સત્તાધીશોએ બહુમતીના જોરે બીજીવારના સફળ પ્રયાસમાં નાગરિકતા સુધારણા કાયદો અમલમાં તો આણ્યો પણ દેશમાં ભારે અજંપો પેદા થયો છે. માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને આરાધ્યદેવ વિ.દા.સાવરકરના અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે બે જર્મની કે બે યમનના એકીકરણની જેમ ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશનું એકીકરણ કરવાની દિશા પકડવાને બદલે જમ્મૂ-કાશ્મીરનું ઓપરેશન કર્યા પછી ત્રણ પાડોશી દેશો પાકિસ્તાન, બાંગલાદેશ અને અફઘાનિસ્તાનની હિંદુ, શીખ,બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન,પારસી જેવી જે તે દેશની લઘુમતી કોમોના ભારતમાં આવેલા શરણાર્થીઓના મસીહા થવાના નામે ઈશાન ભારત ભડકે બળે એવા સંજોગો સર્જવામાં આવ્યા છે. મુસ્લિમોને ટાળવાના આમાં સંકેત છે. કાયદા બનાવવા અને એ સર્વોચ્ચ અદાલતની સમીક્ષામાં પાર ઉતરે એવા બનાવવામાં કુશળ શાસકોએ ''સબ કા સાથ, સબ કા વિકાસ અને સબ કા વિશ્વાસ''નો માહોલ સર્જવાને બદલે ધાર્મિક વિભાજનકારી માહોલનું પ્રત્યક્ષ રીતે નહીં તો પરોક્ષ રીતે નિર્માણ કર્યું છે.આસામમાં ભાજપના શાસન છતાં મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ ક્યારેક જે વિદ્યાર્થી સંગઠન ''આસુ''ના વડા હતા એ જ નહીં, ભાજપના સાંસદો પણ નાગરિકતા સુધારા કાયદાના વિરોધમાં આંદોલન કરે છે. વધુ જોખમી વાત તો એ છે કે આસામમાં સૂતેલા સાપ જગાડવા જેવું ત્રાસવાદી સંગઠન ''અલ્ફા''નું આળસ મરડીને ઊભા કરવા જેવું નિમિત્ત પણ આ કાયદાએ પૂરું પાડ્યું છે. નાગરિકતા સુધારા વિધેયકને આ વખતે લોકસભા અને રાજ્યસભામાં ડિસેમ્બરના બીજા સપ્તાહમાં મંજૂર કરાવીને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવીને કાયદામાં રૂપાંતરિત કરવામાં આવે એ પહેલાં વર્ષ ૨૦૧૬માં એ કોશિશ થઈ હતી પરંતુ રાજ્યસભાએ એને વિફળ બનાવી હતી. ઈતિહાસને એકદમ વિકૃત રીતે રજૂ કરીને પોતાને અનુકૂળ માહોલ તૈયાર કરી આવતી લોકસભાની ચૂંટણી માટે જ નહીં, અત્યારે ચાલી રહેલી ઝારખંડ રાજ્ય વિધાનસભાની ચૂંટણી ઉપરાંત બિહાર અને પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે પણ પોતાને અનુકૂળ વાતાવરણ તૈયાર કરવાની આ કવાયત છે. વોટબેંકની રાજનીતિનું જ આ વરવું સ્વરૂપ તો છે,પરંતુ જે રીતે ઈશાન ભારત સળગી રહ્યું છે એ જોતાં વિભાજનકારી તત્વોને પ્રોત્સાહન આપનારું પણ છે. જોકે આપણે ત્યાં કહેવત છે કે વર મરો, કન્યા મરો, પણ ગોર મહારાજનું તરભાણું ભરો. એ ન્યાયે રાજકીય લાભ ખાટવાની લાહ્યમાં આ બધી માનવતાના અંચળા હેઠળની કવાયતો ચાલી રહ્યાનું મ્લાગે છે. અને છતાં હરિયાણા કે મહારાષ્ટ્રમાં ભાજપને પાંચ વર્ષના શાસનને અંતે બહુમતી મળી નથી એ સંકેત સ્વયંસ્પષ્ટ છે. અત્રે એ સ્મરણ રહે કે ભારતની આઝાદીના લડવૈયાઓ ગાંધીજી હોય કે નેતાજી બોઝ, પંડિત નેહરુ હોય કે સરદાર પટેલ, આ દેશને સર્વધર્મસમભાવની ભૂમિકા પર ચાલવા માટે આઝાદ કરાવ્યો હતો; નહિન કે હિંદુરાષ્ટ્ર જાહેર કરવા માટે. સરદાર પટેલ હોય કે ડૉ.બાબાસાહેબ આંબેડકર, એ પૂર્વસૂરિઓએ આ દેશ હિંદુરાષ્ટ્ર બને એનો જોરદાર વિરોધ કરતાં પ્રજાસત્તાક ભારતનો મજબૂત પાયો નાંખ્યો હતો.

સંસદને સર્વસમાવેશક સત્તા

- **આસામમાં તો ભાજપ અને અલ્ફા જેવા ત્રાસવાદી સંગઠને ય ભારે ઉહાપોહ મચાવ્યો**
- **સંસદને કાયદા ઘડવાની સત્તા ખરી, પણ વિભાજનકારી માહોલ ઊભો કરવાની નહીં**
- **બે કરોડ બાંગલાદેશી ઘૂસણખોરોને પાછા તગેડવાનાં ચૂંટણીવચનના પાલનમાં શૂન્ય**
- **ભારત ધર્મરાજ્ય નહીં હોવા છતાં હિંદુરાષ્ટ્ર જાહેર કરવા ઇતિહાસનું પ્રગટ વિકૃતીકરણ**

ભારતીય સંસદને કાયદો ઘડવા અને એમાં સુધારો કરવાનો અધિકાર છે,પણ એ ન્યાયિક સમીક્ષા (જયુડીશિયલ રિવ્યૂ) હેઠળ કેશવાનંદ ભારતી ચુકાદા મુજબ બંધારણના મૂળભૂત માળખા (બેસિક સ્ટ્રક્ચર)માં પરિવર્તન કરતો ના હોય તો સર્વોચ્ચ અદાલત પણ એને રદબાતલ ઠરાવી ના શકે.બંધારણના અનુચ્છેદ ૧૪ની સંસદમાં વિપક્ષે ખૂબ કાગારોળમચાવી. નવું વિધેયક મુસ્લિમો સાથે ભેદભાવ કરતું હોવાનું કહેવાયું.પાકિસ્તાનમાં એહમદિયા મુસ્લિમોને બિન-મુસ્લિમ ગણાય છે કે ભૂતાનમાં ખ્રિસ્તીઓની શું સ્થિતિ છે કે પછી ચીનમાં ઉઈઘર મુસ્લિમો અત્યાચારનો ભોગ બની રહ્યાની વાત પણ થઈ. આવા ભેદભાવના મુદ્દે કાયદો રદ થશે એવું માની કાયદો ના કરવો એ તો યોગ્ય નથી. મૃત્યુ એક દિવસ આવવાનું છે એવું વિચારીને જીવવાનું બંધ ના કરી શકાય. એ ન્યાયે દેશના શાસકો બંધારણીય કાયદાકીય સુધારા કરવાનું કે નવા કાયદા ઘડવાનું બંધ ના કરી શકે. કેન્દ્રના વર્તમાન શાસકો આ નાગરિકતા સુધારા કાયદો તો અગાઉ ૨૦૧૬માં લાવવા ઈચ્છુક હતા પરંતુ એ વેળા એ વિધેયક રાજ્યસભામાં પરાસ્ત થયું હતું. વળી, વર્તમાન કેન્દ્ર સરકારનું નેતૃત્વ કરનાર ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના પૂર્વ અવતાર જનસંઘ અને એની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની પ્રસ્થાપિત ભૂમિકા રહી છે કે ભારતમાં આવનારા ઘૂસણખોરોમાં હિંદુઓને તો શરણાર્થી જ લેખવા પડે કારણ દુનિયાભરમાં હિંદુઓ તો ભારતમાં જ આશ્રય લેવાનું વિચારી શકે. બાકીના એવા ઘૂસણખોરો કે જેમનું આસ્થાસ્થાન ભારત બહાર છે એટલે કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓને ઘૂસણખોરોની શ્રેણીમાં મૂકી શકાય. જોકે રાજકીય સત્તાના સિંહાસન પર પહોંચ્યા પછી ''સબ કા સાથ, સબ કા વિકાસ''ના આલાપમાં સર્વધર્મી નાગરિકો અને અન્ય પ્રજા સાથે સમાન વ્યવહાર કરવાનું અનિવાર્ય બને છે. ભલે રાજકીય શાસકોની આંખમાં રાજકીય લાભની દીર્ઘકાલીન ગણતરીઓ હોય પણ વર્તમાન નાગરિકતા સુધારા વિધેયકમાં મુસ્લિમો સિવાયના પોતાના દેશમાં કનડગતનો ભોગ બનતાં હિજરત કરવા મજબૂર બનેલા છ ધર્મોના શરણાર્થીઓનો સમાવેશ કરાયો છે. ઈશાન ભારતનાં રાજ્યોમાં એ વિશે ભારે અજંપો સર્જાતાં આ વખતે એમને વિશ્વાસમાં લેવાની કોશિશ કરીને અને કેટલાક સુરક્ષા કવચની ખાતરી આપીને સુધારિત વિધેયક બંને ગૃહોમાં મંજૂર થયું અને રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી એનો અમલ કરવાની બાબતમાં સરકાર મોકળી છે. જોકે ત્રિપુરાના ''મહારાજા'' પ્રદ્યુત દેવબર્મને એને સર્વોચ્ચ અદાલતમાં પડકારવાની ઘોષણા કરી છે. સાથે જ આસામ સહિતના ઈશાન ભારતમાં ભારે અસંતોષ અને બંધ સહિતનાં વિરોધ આંદોલન ચાલે છે એટલે કેન્દ્ર અને રાજ્યોની સરકારોએ એ સ્થિતિને પહેલાં થાળે પાડવાની જરૂર ખરી.

ભાગલાના ઈતિહાસની ગાજવીજ

નાગરિકતાના મુદ્દે સંસદમાં અને સંસદની બહારની ચર્ચામાં વારંવાર ભારતના ભાગલાના ઈતિહાસને તાજો કરાયો. ''ઝીણાની માંગણીને પગલે કોંગ્રેસે ધર્મના આધારે ભાગલા સ્વીકાર્યા ના હોત તો આજે આ વિધેયક લાવવાની જરૂર ના પડી હોત'' એવું સત્તા પક્ષ તરફથી કહેવાતું ગયું અને સામે પક્ષે ''દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંત (ટુ-નેશન થિયરી)ની સૌપ્રથમ માંડણી વિ.દા.સાવરકરે કરી હતી''ની વાતો કરી. ઈતિહાસને જ વાગોળ્યા કરીને વર્તમાનને ચમકાવવાની રાજકીય ગડમથલોમાં સત્તાપક્ષ વિપક્ષ કરતાં આગળ નીકળી જાય છે. કારણ પણ સ્પષ્ટ છેઃ વિપક્ષ પાસે અભ્યાસ અને હાજરજવાબીપણું નથી. સામેની સેના એને વારંવાર ભીંસમાં લે છે. દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંત એટલે કે હિંદુ અને મુસ્લિમ એ બંને અલગ રાષ્ટ્ર હોવાની વાત ૧૯૩૭માં અમદાવાદ (કર્ણાવતી)ના હિંદુ મહાસભાના અધિવેશનમાં અધ્યક્ષીય ભાષણમાં સાવરકરે મૂકી હતી. એ પછી ૧૯૪૦માં લાહોરના મુસ્લિમ લીગના અધિવેશનમાં મુસ્લિમો માટે અલગ રાષ્ટ્ર માંગતો બંગાળના પ્રીમિયર ફઝલુલ હકે મૂકેલો ''પાકિસ્તાન ઠરાવ'' મંજૂર કરાયો હતો. એમતો ૧૯૨૩માં સાવરકરે લખેલા ''હિન્દુત્વ''માં અને ૧૯૩૭ના એ ભાષણમાં મુસ્લિમોને દુય્યમ દરજ્જાના નાગરિક લેખાવવાનું પસંદ કર્યું હતું. જે સાવરકરે ક્યારેક ૧૮૫૭ને પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ લેખાવતાં ગ્રંથ રચ્યો ત્યારે એ સંગ્રામમાં હિંદુઓ સાથે જ મુસ્લિમોના યોગદાનને બિરદાવ્યું હતું, પણ આંદામાન જેલમાંથી છૂટ્યા બાદના સાવરકરે ભારતવર્ષને પોતાની ''પિતૃભૂમિ અને પુણ્યભૂમિ લેખાવનારા'' હિંદુઓ સિવાયના માટે નોખા માપદંડ રાખ્યા હતા. આઝાદી પૂર્વેના ઈતિહાસ અને ભાગલાના સંજોગોને અત્યારે તાજા કરવા યોગ્ય નહીં હોવા છતાં એની ખૂબ ગાજવીજ કરાય છે ત્યારે હકીકતો પ્રકાશમાં આણવી

**અનુસંધાન પાના નં ૭ પર**